પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૨૧ | ૧૦ જુલાઈ, ૨૦૨૩, સોમવાર; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સમગ્ર ભારતમાં વિક્રમી વરસાદ

## કાશ્મીરથી લઈને દિલ્હી શહેર બન્યું જળમગ્ન : દિલ્હીમાં ૪૧ વર્ષ બાદ થયેલા રેકોર્ડ વરસાદે સમગ્ર સિસ્ટમને ખોરવી નાખી : આકાશી આફતને કારણે દિલ્હીના રસ્તાઓ હાલ નદીઓમાં ફેરવાઈ ગયા : ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદથી ૧૨ના મોત





નવી દિલ્હી, તા.૯

ચોમાસાની શરુઆત થતા જ અનેક રાજ્યમાં ભારે વરસાદ પડી રહ્યો છે ત્યારે ઉત્તર પશ્ચિમ ભાગોમાં ભારે વરસાદ બાદ ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. એક તરફ દિલ્હીમાં વરસાદે ૪૧ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે તો બીજી તરફ જમ્મુ-કાશ્મીરની સાથે હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં પણ ભારે વરસાદ થયો છે. આ સાથે ગુજરાતના કચ્છ ભૂજ, સહિતના અનેક જિલ્લામાં ભારે વરસાદ છે.

ભારે વરસાદને પગલે દિલ્લીની દશા બેઠી છે. સતત પડી રહેલાં ધોધમાર વરસાદને કારણે હાલ દિલ્લીના તમામ રસ્તાઓ જાણી નદીઓમાં ફેરવાઈ ગયા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. દિલ્હીમાં ૪૧ વર્ષ બાદ થયેલા રેકોર્ડ વરસાદે સમગ્ર સિસ્ટમને ખોરવી નાખી છે. સર્વત્ર પાણી છે. શેરીઓથી લઈને રસ્તાઓ અને અંડરપાસ સુધી પાણી ભરાયા છે. આ પછી સીએમ અરવિંદ કેજરીવાલે પરિસ્થિતિને સંભાળવા માટે મોટો નિર્ણય લીધો છે.



રાજધાની દિલ્હીમાં રવિવારે સવારે ૮.૩૦ વાગ્યે સમાપ્ત થયેલા ૨૪ કલાકના ગાળામાં ૧૫૩ મીમી વરસાદ નોંધાયો હતો. ૧૯૮૨ થી, આ વરસાદ અહીં જુલાઈમાં એક જ દિવસમાં પડેલો સૌથી વધુ વરસાદ છે.

હવામાન વિભાગ અનુસાર, પશ્ચિમી વિક્ષેપ અને ચોમાસાના પવનોને કારણે ઉત્તર પશ્ચિમ ભારતમાં ભારે વરસાદ થયો હતો અને દિલ્હીમાં સિઝનનો પ્રથમ 'અતિ ભારે વરસાદ' નોંધાયો હતો. મુશળધાર વરસાદને કારણે જ્યારે ૪૧ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો ત્યારે દિલ્હી ક્યાંક 'ટાપુ' તો ક્યાંક 'નદી' જેવું લાગતું હતું. શેરીઓથી લઈને રસ્તાઓ, બજારો, હોસ્પિટલો અને અંડરપાસમાં પાણી ભરાઈ જવાથી પ્રભાવિત થયા હતા. સીએમ અરવિંદ કેજરીવાલે પ્રતિકૂળ સંજોગોમાં સ્થિતિને સંભાળવા માટે મોટો નિર્ણય લીધો છે.

સીએમ અરવિંદ કેજરીવાલે લોકોને તાત્કાલિક રાહત આપવા માટે રવિવારની રજા રદ કરીને સ્થળ પર નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. દિલ્હીના તમામ મંત્રીઓ અને મેયર સમસ્યાવાળા વિસ્તારોનું નિરીક્ષણ કરી રહ્યા છે. તમામ જનપ્રતિનિધિઓ અને અધિકારીઓને ફિલ્ડમાં રહીને વ્યવસ્થા સુધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

સીએમ કેજરીવાલે પોતાના ટ્વીટમાં લખ્યું, 'ચોમાસાની સીઝનના કુલ વરસાદના ૧૫% વરસાદ માત્ર ૧૨ કલાકમાં થયો. પાણી ભરાવાના કારણે લોકો ભારે પરેશાન થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલમાં ભયંકર વરસાદ અનેક જગ્યાએ પુરની સ્થિતિ

## કુલ્લૂની નજીક બ્યાસ નદીમાં એક કાર તણાઈ : આગામી ૪૮ કલાક માટે હિમાચલ પ્રદેશના સાત જિલ્લા માટે રેડ એલર્ટ, ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર





નવી દિલ્હી, તા.૯

હિમાચલ પ્રદેશમાં મૂશળધાર વરસાદ થઈ રહ્યો છે. કેટલીય જગ્યાએથી લેન્ડસ્લાઈડના વીડિયો સામે આવી રહ્યા છે. નદીઓ ગાંડીતૂર થઈ છે. આ દરમ્યાન રવિવારે કુલ્લૂની નજીક બ્યાસ નદીમાં એક કાર તણાઈ ગઈ હતી. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. કાર નદીમા તેજ પ્રવાહમાં તણાઈ ગઈ હતી. ભારત મૌસમ વિજ્ઞાન વિભાગે આગામી ૪૮ કલાક માટે હિમાચલ પ્રદેશના સાત જિલ્લા માટે રેડ એલર્ટ, ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને લાહુલ અને સ્પીતિ જિલ્લા માટે યેલો એલર્ટ જાહેર કર્યા છે.

મૌસમ એજન્સીએ રાજ્યમાં ભૂસ્ખલન અને અચાનક પુરનું એલર્ટ જાહેર કર્યું છે. ચંબા, કાંગડા, કુલ્લૂ, મંડી, ઉના, હમીરપુર અને બિલાસપુર જિલ્લા માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના મોટા ભાગની જગ્યા પર વરસાદ થશે. તો વળી શિમલા, સોલન અને સિરમૌર જિલ્લા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. સ્થાનિક એક અધિકારીએ કહ્યું કે, અમે રાજ્ય સરકાર સાથે પોતાના પૂર્વાનુમાન શેર કર્યું છે અને અચાનક પુર, ભૂસ્ખલન અને ઝાડ ઉખડવાની ચેતવણી જાહેર કરી છે. આ ઘટનાઓથી પાણી અને વીજળીની સપ્લાઈ પણ પ્રભાવિત થઈ શકે છે.

# મોટાભાગના અગ્નિવીરોને આર્મીમાં પ્રવેશ આપવા તૈયારી

## આર્મીમાં હવે ૫૦% અગ્નિવીર પરમેનન્ટ થઈ શકે : કોવિડના કારણે ૨ વર્ષ સુધી ભરતી નહોતી થઈ : પહેલા દર વર્ષે લગભગ ૮૦ હજાર સૈનિકોની ભરતી થતી હતી

નવી દિલ્હી, તા.૯

ઈન્ડિયન આર્મી ઈચ્છે છે



કે અગ્નિવીરોમાંથી ૪ વર્ષ પછી લગભગ ૫૦ ટકા અગ્નિવીરોને પરમેનન્ટ કરવા જોઈએ. જોકે હજુ અગ્નિપથ સ્કિમ અંતર્ગત એવો નિયમ છે કે માત્ર ૨૫ ટકા સૈનિકો જ પરમેનન્ટ આર્મીમાં જોડાઈ શકે છે.

આ વિકલ્પમાં ફેરફાર થઈ સંખ્યા વધારવા માગ પણ કરાઈ રહી છે. સેનાએ આ મુદ્દે સરકાર સામે પોતાની માગ રજૂ કરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પહેલા પણ આ સંબંધે ફાઈલ આગળ વધારવામાં આવી હતી પરંતુ આર્મીએ આ માગનો અસ્વીકાર કર્યો હતો. હવે ફરીથી સેના આ મુદ્દે ટિપ્પણી કરવા માગે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સેના ઈચ્છે છે કે અગ્નિવીરોની દરેક બેચમાંથી લગભગ ૫૦ ટકા અગ્નિવીરોને પરમેનન્ટ કરાય. એક અધિકારીના જણાવ્યા પ્રમાણે પહેલા જ્યારે સૈનિકોની ભરતી થતી હતી તેમાં જે સ્ટાન્ડર્ડ રાખવામાં આવ્યું હતું તે જ અગ્નિવીરો માટે રાખવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનની ટીમ વર્લ્ડ કપ માટે ભારત આવશે નહીં

## જો ભારતીય ટીમ એશિયા કપ રમવા પાકિસ્તાન નહીં આવે તો પાક. ટીમ પણ વર્લ્ડ કપ માટે ભારત નહીં આવે

ઈસ્લામાબાદ, તા.૯

વર્લ્ડ કપની તારીખોની જાહેરાત થઈ ગઈ છે. બધી જ ટીમોએ તૈયારીઓને આખરી ઓપ આપવાની શરૂઆત કરી દીધી છે. યજમાન ટીમ પણ તૈયારીઓમાં કોઈ કચાશ ના રહી જાય તેની કાળજી લઈ રહી છે. પરંતુ પાકિસ્તાન છે કે તેની નૌટંકી હજી પણ ચાલુ છે. આપણો પાડોશી દેશ હજી પણ વાટાઘાટોમાં અટવાયેલો છે. ક્યારેક પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરો એલફેલ બોલે છો ક્યારેક બોર્ડના અધિકારીઓ વાંકું બોલે છે. આ વખતે તો પાકિસ્તાનના રમતગમત મંત્રીએ વિવાદિત નિવેદન આપ્યું છે. રમતગમત મંત્રી અહેસાન મજારીએ કહ્યું કે, જો ભારતીય ટીમ એશિયા કપ રમવા પાકિસ્તાન નહીં આવે તો પાકિસ્તાની ટીમ પણ વર્લ્ડ કપ માટે ભારત નહીં આવે.

પાકિસ્તાની ટીમને ક્રિકેટ વર્લ્ડ કપ માટે ભારત આવવું જોઈએ કે નહીં તે નિર્ણય લેવા માટે પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે એક સમિતિ બનાવી છે. ૪૧ વર્ષીય અહેસાન મજારી આ ટીમનો ભાગ છે. તેમનું કહેવું છે કે, એશિયા કપ દરમિયાન ભારત પોતાની મેચો ન્યૂટ્રલ મેદાન પર રમવાની માગ કરતી હોય તો અમે પણ ભારતમાં યોજાનારા વર્લ્ડ કપ દરમિયાન અમારી મેચો કોઈ ન્યૂટ્રલ મેદાન પર રમવાની માગ કરીએ છીએ.

# વંદેભારત એક્સપ્રેસ ટ્રેન ભગવા રંગમાં જોવા મળશે

## રેલવે મંત્રી દ્વારા ફોટા ટ્વિટર પર શેર કરવામાં આવ્યા : વંદે ભારત એક્સપ્રેસના કુલ ૨૫ રેક નિધારિત માર્ગો પર દોડી રહ્યા છે

નવી દિલ્હી, તા.૯

દેશમાં એક બાદ એક વંદે ભારત એક્સપ્રેસનું લોકાર્પણ કરવામાં આવ્યુ રહ્યું છે. આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દેશના બે મોટા શહેરોને એક બીજા સાથે જોડવા માટે અને મુસાફરો ટૂંક સમયમાં પોતાના મુકામે પહોંચી જાય છે. વંદેભારત ટ્રેન શરૂ થઈ ત્યારથી લઈને અત્યારસુધી આ ટ્રેનમાં અનેક ફેરફાર કરવામાં આવ્યા છે. લોકો દ્વારા આપવામાં આવતા ફીડ બેકને ધ્યાને રાખીને ટ્રેનમાં ફેરફાર કરવામાં આવતા હોય છે. ત્યારે હવે વધુ એક ફેરફાર કરવામાં આવ્યો છે. વંદે ભારત ટ્રેન ભગવા રંગમાં જોવા મળશે. રેલવે મંત્રી અશ્વીની વૈષ્ણવ દ્વારા ભગવા કલરની ટ્રેનના ફોટા ટ્વિટર પર શેર કરવામાં આવ્યા છે.



ભગવા કલરની વંદેભારત ટ્રેન હજુ સુધી ચાલુ થઈ નથી પરંતુ અત્યારે ચેન્નાઈના ઈંટીગ્રલ કોચ ફેક્ટરીમાં આ ભગવા રંગની ટ્રેનોને રાખવામાં આવી છે. અહીં વંદેભારત ટ્રેનને બનાવવામાં આવે છે. રેલવે અધિકારીઓએ જણાવ્યુ હતું કે, વંદે ભારત એક્સપ્રેસના કુલ ૨૫ રેક નિધારિત માર્ગો પર દોડી રહ્યા છે અને જ્યારે બે રેકને રિઝર્વ

● અનુસંધાન પાન-૭ પર

# કારમાં ૧૮ મહિનાની બાળકીને ભૂલીને જતા રહ્યા માતા-પિતા

## ગરમી અને ગૂંગળામણ થવાથી બાળકીનું થયું મોત : પોલીસે માતા-પિતા પર લગાવ્યો હત્યાનો ગંભીર આરોપ

આગ્રા, તા.૯

તાજેતરમાં એક કિસ્સો સામે આવ્યો હતો કે, કેટલાંક લોકો આગ્રાના તાજમહેલની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન પોતાન ડોગીને કારમાં લોકર મારીને તાજમહેલ જોવા જતા રહ્યા હતા. બાદમાં બે કલાક પછી જ્યારે પરત આવ્યા ત્યારે ડોગીનું મોત થઈ ચૂક્યું હતું. આવી જ એક ઘટના અમેરિકામાંથી સામે આવી છે. જેના કારણે એક ૧૮ મહિનાના બાળકને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. બાળકના પેરેન્ટ્સે ચાર જુલાઈના રોજ પાર્ટી કરી હતી. આ ભૂલના કારણે તેઓએ પોતની દીકરીને કારમાં જ છોડી દીધી હતી. જેના કારણે ગરમી અને ગૂંગળામણ થતા તેનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, આ બાળકને સવારના ૩ વાગ્યાથી લઈને ૧૧ વાગ્યા સુધી કારમાં છોડી દેવામાં આવ્યું હતું. આ દરમિયાન તાપમાન પણ ૧૦૫ ફેરનહિટ હતું. પોલ્ક કાઉન્ટી શેરીફ ગ્રેડી જુડે એક નિવેદનનો હલાવો આપતા કહ્યું કે, માતા-પિતા જોએલ અને જેજ્મિન રોંડને પોતાના ત્રણ બાળકો સાથે ચાર જુલાઈના રોજ પાર્ટીમાં ભાગ લીધો હતો. બીજા દિવસે સવારે તેઓ લગબઘ ૩ વાગ્યા સુધી બહાર રહ્યા હતા. પરત ફર્યા બાદ માતા પોતાના મોટા બાળકને ઘરમાં લઈ ગઈ અને પતિને કહ્યું કે, નાની દીકરીને અંદર લેતા આવે.

પીડિત બાળકના પિતા જોએલે કહ્યું કે, જ્યારે તે બાળકને લેવા માટે ગયા ત્યારે કારનો એક દરવાજો ખુલ્લો હતો. તે જમવાની ટ્રે ઘરની અંદર લઈ ગયા, જો કે, જ્યારે બહાર આવ્યા તો જોયું કે, કારના તમામ ચારેય દરવાજા બંધ હતા અને લાગ્યું કે, પત્ની બાળકને અંદર લઈ ગઈ હશે. એ પછી તે ઘરમાં જતા રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રથમ ટી૨૦માં ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશને પરાજય આપ્યો

ઢાકા, તા.૯

ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ ટી૨૦ મેચમાં ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશને સાત વિકેટે પરાજય આપ્યો છે. આ સાથે ભારતીય ટીમે ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે.

**કેપ્ટન કૌરની તોફાની અડધી સદી : ભારતીય ટીમે ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી**

બાંગ્લાદેશની મહિલા ટીમે પ્રથમ બેટિંગ કર્યા બાદ ભારતીય મહિલા ટીમ સામે ૧૧૫ રનનો લક્ષ્ય રાખ્યો હતો, જેને હરમનપ્રીત કૌરની ટીમે ૨૨ બોલ બાકી રહેતા માત્ર ત્રણ વિકેટ ગુમાવી હાસિલ કરી લીધો હતો. ભારતીય મહિલા ટીમ તરફથી કેપ્ટન હરમનપ્રીતે માત્ર ૩૫ બોલમાં અણનમ ૫૪ રન ફટકાર્યા હતા. આ દરમિયાન તેણે છ ચોગ્ગા અને બે સિક્સ ફટકારી હતી. તો સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાએ ૩૪ બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી ૩૮ રન બનાવ્યા હતા. પહેલા ભારતીય ટીમને પ્રથમ ઓવરમાં ઝટકો લાગ્યો હતો. ઓપનર શેફાલી વર્મા શૂન્ય રન બનાવી આઉટ થઈ હતી.

કચ્છની ખારેક

ખેડૂત દ્વારા સીધું વેચાણ

ખારેક : લાલ-પીળી (ઈઝરાયલ)

કૃષિભવન, ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

M.D.GROUP TUITION

• Std. 11-12 Maths - Phy - Chem - Bio

• Std. 11-12 Accounts - Statistics - Eco - BST

• Std. 6 to 10 Maths - Science - English & S.S* Both Medium

IELTS & UPSC-GPSC-IAS-IPS

ICSE - CBSE - GSEB - IB - ISC

Group and Personal Tuition at your home

ICSE Specialist M.D. SIR

Director : M.D. Patel (M.D. SIR) Elect. Engg.& B.Sc. Maths.)

Branch : (1) F-301 Sarthak Fortune Mall, Nr. City Pulse, Urjanagar, Kudasan. (2) 120, The Sky Court, Below Divine Hospital, Sargasan (3) Plot No. 353/1, Sec.2-B

Mo. 9377128297, 8849161449

મોંઢા અને ગળાના કેન્સર અને કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી.

13 જૂલાઈ, ગુરૂવારે ગાંધીનગર ખાતે

zydus Hospitals Cancer Centre

ડૉ. સુપ્રીત ભટ્ટ

MS, M.Ch

મોંઢા અને ગળાના રોબોટીક સર્જરીના નિષ્ણાંત

• 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી

• 20000 થી વધુ સંતુષ્ટ કેન્સર દર્દીઓની સારવાર

ડૉ. નહુષ ટહિલિયાણી

MD, DM

(મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)

તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત

લક્ષણો:

• મોંઢા અને જડબાનું કેન્સર • જીભનું કેન્સર

• થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ

• ગળા અને સ્વરપેટીનું કેન્સર

• લાળગ્રંથિનું કેન્સર • ચામડીનું કેન્સર

ઉપલબ્ધ સારવાર

• મોંઢા અને ગળાના કેન્સર • ફેફસાનાં કેન્સર • સ્તન કેન્સર • મગજમાં ગાંઠ • આંતરડા તથા મળમાર્ગના કેન્સર • લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર • લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) • ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર • ચામડી, હાડકાના કેન્સર, સારકોમા

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

સાંજે 4.00 થી 6.00 કલાકે

સાંજે 6.00 થી 7.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.